મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા, નં.૨૬ (આભવા) સુરત અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૭ હેઠળ આવેલ વાંધા સુચનોની વિચારણા કરી, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ સરકારશ્રીને મંજુરી માટે જરૂરી સાહિત્યસહ સાદર કરવા બાબત.

## ઠરાવ નં. ૨૫૬૧

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં. ૨૬ (આભવા) સુરતની મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના, તા. ૧૫/૦૪/૨૦૦૬ ના પત્ર ક્રમાંક નરયો(સુચિત)/ ૨૬ (આભવા)/કલમ-૪૧(૧) પરામર્શ /દ.ગુ./૧૬૦૮ થી પરામર્શ મેળવી, યોજના બનાવવાનો સત્તામંડળની તા. ૦૯/૦૬/૦૬ ની બોર્ડ બેઠક નં.૨૦૧ ના ઠરાવ નં. ૨૪૮૬ યોજના માટેનો ઈરાદો જાહેર કરેલ, જે ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૨ માં તા.૨૬/૦૬/૨૦૦૬ ના પાના નં. ૧૨૬, ૧૨૭ ઉપર પ્રસિધ્ધ થયેલ.

સદર નગર રચના યોજનાની વિગતવાર દરખાસ્તો તૈયાર કરી, ઉકત કાયદાની કલમ-૪૨ અન્વયે પ્રસ્તુત નગર રચના યોજનાની અંદર સમાવિષ્ટ જમીન માલિકો / હીત સંબંધિતોને નોટીસ આપી તેમજ તેની જાહેર બહોળી પ્રસિધ્ધ કરી અને જુદી જુદી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ આપવા જણાવી તેમજ સ્થાનિક દૈનિક વર્તમાનપત્ર, "ગુજરાત સમાચાર", અને "નવનિર્માણ" ની તા.૨૬/૦૪/૨૦૦૭ ની આવૃતિમાં પ્રસિધ્ધિ આપી ઓનર્સ મીટીંગનું આયોજન તા.૦૩/૦૫/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ, જે મુજબ ઓનર્સ મીટીંગમાં કુલ ૩૮ ઈસમો એ હાજરી આપેલ તથા હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તો તથા વિવિધ પાસા જેની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ જે અન્વયે જમીન માલિકશ્રીઓ/ હિત સંબંધિતશ્રીઓ દ્વારા કુલ : ૧૧૩ અરજી થી વાંધા – સુચનો રજુ થયેલ, જેનો અભ્યાસ કરી, જરૂરી ફેરફાર કરાયેલ.

અત્રેથી તા.૧૫/૦૩/૨૦૦૭ ના રોજ સરકારશ્રીમાં વધુ ત્રણ માસ મુદ્દત લંબાવવા દરખાસ્ત પાઠવેલ, જે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક નરય/૧૪૦૭/૨૩૫૪/લ તા.૨૩/૦૪/૦૭ થી ગુજરાત નગર રચના યોજના નં. ૨૬ (આભવા) ની સમય મર્યાદા તા.૨૬/૦૩/૨૦૦૭ થી તા.૨૫/૦૬/૨૦૦૭ સુધી વધારી આપવામાં આવેલ.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં. ૨૬ (આભવા) ને ઉકત અધિનિયમની કલમ : ૪૨(૧) ની જોગવાઈ હેઠળ ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૨ માં તા.૦૭/૦૬/૨૦૦૭ ના પાન નં. ૧૨૧,૧૨૨ ઉપર પ્રસિધ્ધિ કરી સુચનો અને વાંધા મંગાવવામાં આવેલ છે. અને સદરહુ અધિસુચન દૈનિક વર્તમાન પત્ર "ગુજરાત પ્રભા" તથા "સંદેશ" તા. ૦૮/૦૬/૦૭ ની આવૃતિમાં પ્રસિધ્ધ થયેલ છે. ઉકત અધિનિયમની જોગવાઈ હેઠળ સમય મર્યાદામાં કુલ : ૮૩ રજુઆતો/અરજી મળેલ, જેનો વિગતે અભ્યાસ કરી, ચર્ચા વિચારણા કરી જરૂરી સુધારા પ્લાન ઉપર કરી તે અંગેનું પત્રક તૈયાર કરી કાયદાની કલમ-૪૮(૧) મુજબ સદરહુ યોજનાનો મુસદ્દો સરકારશ્રીને મંજુરી માટે,જરૂરી સાહિત્યસહ સાદર કરવા આગળની કાર્યવાહી કરવા અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.